# શોધ યોજનામાં મળેલ  સ્ટાઇપેન્ડ પરત કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થી માટે અગત્યની સૂચનાઓ

શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫-૦૮-૨૦૧૯ અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સીટીઓમાં પી.એચ.ડી. કોર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તા યુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ"(Scheme of Developing High Quality Education) યોજના શરુ કરવામાં આવેલ છે.

શોધ યોજનાનાં ઠરાવની જોગવાઈ મુજબ  વિદ્યાર્થીએ રાજ્ય સરકાર અથવા ભારત સરકાર અથવા અન્ય કોઈ યોજનાઓ પૈકી કોઈ એક જ યોજના હેઠળ લાભ મેળવવા પસંદગી કરવાની રહે છે. કોઈ પણ વિદ્યાર્થી એક સાથે એકથી વધુ યોજનાને પસંદગી આપી શકતો નથી એટલે કે કોઈ એક યોજના હેઠળ જ લાભ મેળવી શકે છે. આથી વિદ્યાર્થીઓએ શોધ યોજના હેઠળ મળેલ  સ્ટાઈપેન્ડ પરત કરવાનું રહેશે. ઠરાવની જોગવાઈ અનુસાર વિદ્યાર્થીઓએ નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

**જો કોઈ વિધાર્થીને શોધ યોજના હેઠળ મળેલ સ્ટાઇપેંડ પરત કરવાની થતી હોય તેવા કિસ્સામાં નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

1. જો વિદ્યાર્થી રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની અન્ય કોઈ પણ શિષ્યવૃત્તિ મેળવતો હોય અને/અથવા સહાય મેળવનાર વિદ્યાર્થી સામે યુનિવર્સિટી/ સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી થઇ હોય અને/અથવા ખોટી વિગતો, કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપીંડીથી સ્ટાઇપેંડ મેળવેલ હોવાનું પ્રસ્થાપિત થતા વિદ્યાર્થી પાસેથી સ્ટાઇપેંડની તમામ રકમ ઉપરાંત ૧૮%નાં દંડનીય વ્યાજ સહીત પરત લેવામાં આવશે. આ ઉપરાંત તેની સામે કાયદેસરની કાર્યવાહી માટે પગલાં કેસીજી દ્વારા લેવામાં આવશે.
   - ક્રમ-૧માં જણાવ્યા અનુસારના કિસ્સાઓમાં વિદ્યાર્થીનાં બેંક ખાતામાં શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસમાં શોધ યોજના હેઠળ મળેલ સ્ટાઇપેંડની પૂરેપૂરી રકમ પરત કરશે તો તેની પાસેથી વ્યાજ વસૂલવામાં આવશે નહિ.
   - ક્રમ-૧માં જણાવ્યા અનુસારના કિસ્સાઓમાં જો વિદ્યાર્થી દ્વારા તેની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસ બાદ પરત કરવામાં આવે ત્યારે તેવા કિસ્સામાં તે વિદ્યાર્થી પાસેથી જે દિવસે તેના ખાતામાં જે જે રકમ જમા થઇ હોય તે રકમો પર નીચેની ફોર્મુલા મુજબ ૧૮%નાં દરે વ્યાજ પણ વસૂલવામાં આવશે. ૩૦ દિવસથી વધુ સમય થશે તો આ ૩૦ દિવસનો પીરીયડ બાદ મળી શકશે નહી. એટલેકે જેટલા નાણા મળ્યા તે તમામ રકમ પર પૂરેપૂરા દિવસનું વ્યાજ ૧૫% લેખે આપવાનું રહેશે.

     **ફોર્મુલા:** Amount x 18 x (વિદ્યાર્થીની શોધ યોજનાની સ્ટાઇપેંડની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તે તારીખથી જેટલા મહિના સુધી સ્ટાઇપેંડના નાણા પોતાની પાસે જમા રાખેલ હોય તે મહિનાની સંખ્યા) ÷ (૧૦૦ × ૧૨)

$$\text{Interest} = \frac{\text{Amount paid} \times 18 \times \text{Days}}{100 \times 365 \text{ (લીપવર્ષમાં 366 દિવસ)}}$$

B. તા. ૧૭-૦૨-૨૦૨૦ થી ૦૫-૦૪-૨૦૨૦ સુધીનું વ્યાજ (ફેબ્રુઆરી થી અપ્રિલ)

| મહિનો | દિવસ | Interest = Amount paid x 12 x Days |
|---|---|---|
| ફેબ્રુઆરી | ૧૩ | 100 x 365 (લીપવર્ષમાં 366 દિવસ) |
| માર્ચ | ૩૧ | = ૧૫૦૦૦ X ૧૨ X ૪૮ |
| અપ્રિલ | ૦૪ | ૧૦૦ X ૩૬૬ |
| કુલ | ૪૮ | વ્યાજની રકમ= રૂ. ૨૩૬ |

તે જ રીતે માર્ચ અને અપ્રિલનું વ્યાજ ગણતરીમાં લઇ સ્ટાઇપેંડની રકમ વત્તા વ્યાજની રકમ વસુલવામાં આવશે.

3. વિદ્યાર્થીઓએ આ યોજના હેઠળ મળેલ સ્ટાઇપેંડની રકમ પરત કરવા નિયત પત્રકમાં અરજી કરવાની રહેશે.
4. વિદ્યાર્થીએ આ નિયત અરજી સાથે કુલ રકમનો "Knowledge Consortium of Gujarat- SHODH" (Payable at Ahmedabad) ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે.
5. વિદ્યાર્થીએ નિયત નમૂનામાં અરજી અને ડિમાન્ડ ડ્રાફ્ટ નીચેના સરનામે રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

SHODH-ScHeme Of Developing High quality research
નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી),
પ્રજ્ઞાપુરમ, પી.આર.એલ.ની સામે,
એલ.ડી. ઇજનેરી કોલેજ પાસે,
નવરંગપુરા,
અમદાવાદ- ૩૮૦૦૧૫